# આઈનોક્સના પબ્લિક ઈશ્યૂમાં ગ્રે માર્કેટ સક્રિય ₹1,200ના પ્રીમિયમની ચર્ચા

ભાર્ગવ ત્રિવેદી
અમદાવાદ

પ્રાઈમરી માર્કેટ ધીરે-ધીરે સક્રિય થવાનો પ્રયત્ન કરી રહ્યું છે. માર્ચ મહિનામાં ત્રીજા આઈપીઓ (આરંભિક ભરણું)ના સ્વરૂપમાં આઈનોક્સ વિન્ડ બજારમાં પ્રવેશવાનું છે ત્યારે અમદાવાદ ખાતે મંગળવારથી ગ્રે માર્કેટ સક્રિય થયું છે. જોકે રિટેલ ઈન્વેસ્ટર્સ આઈપીઓમાં કે ગ્રે માર્કેટમાં પૂછપરછ ચાલુ નથી કરી પરંતુ વર્તુળો માને છે કે જો ગ્રે માર્કેટમાં પ્રીમિયમ ઊછળશે તો રિટેલર્સ ચોક્કસ પાછા ફરશે.

બુધવારે આઈનોક્સ વિન્ડની લઘુત્તમ અરજી (૪૫ શેર્સ માટે ₹૧૫,૦૦૦) પર ₹૧,૨૦૦ના પ્રીમિયમની ચર્ચા હતી. એટલે કે લગભગ ૮ ટકા જેટલું વળતર છૂટતું હતું. પ્રતિ શેર ₹૪૮-૫૦નું પ્રીમિયમ બોલાતું હતું. આઈનોક્સનો આઈપીઓ ₹૩૧૫-૩૨૫ની પ્રાઈસ બેન્ડમાં આવશે અને રિટેલ ઈન્વેસ્ટર્સને ₹૧૫નું ડિસ્કાઉન્ટ ઓફર કરવામાં આવશે. આ અગાઉ શારદા ક્રોપ અને સ્નોમેન લોજિસ્ટિક્સના આઈપીઓ દરમિયાન ગ્રે-માર્કેટમાં સક્રિયતા જોવા મળી હતી. જોકે, તાજેતરમાં આવેલા ઓર્ટેલ કોમ્યુનિકેશન્સ અને એડલેબ્સ એન્ટરટેઈનમેન્ટના આઈપીઓમાં ગ્રે માર્કેટમાં કોઈ સક્રિયતા જોવા મળી નહોતી.

સામાન્ય રીતે સારી ગુણવત્તા ધરાવતા આઈપીઓના કિસ્સામાં ગ્રે માર્કેટ ઊંચું પ્રીમિયમ ચૂકવતું હોય છે. એટલે કે રિટેલ રોકાણકારો તેમને ફાળવણીની નિસ્બત વગર ચોક્કસ વળતર સામે પોતાનું અરજી ફોર્મ વેચી શકે છે અને લાભ લઈ શકે છે. જોકે પાછળથી આવા આઈપીઓનું લિસ્ટિંગ ઊંચા ભાવે થતું હોય છે અને ગ્રે માર્કેટમાંથી શેર્સ ખરીદનાર ઓપરેટર્સને પણ નોંધપાત્ર લાભ મળતો હોય છે. છેલ્લે કોલ ઈન્ડિયાના આઈપીઓમાં ઓપરેટર્સને લિસ્ટિંગ બાદ તગડો લાભ મળ્યો હતો અને રિટેલ ઈન્વેસ્ટર્સ તેમની અરજી વેચીને ખૂબ પસ્તાયા હતા.

ગ્રે માર્કેટ ઓપરેટર્સના મતે આગામી દિવસોમાં પ્રીમિયમમાં વૃદ્ધિની સંભાવના છે અને તેથી કામકાજમાં નોંધપાત્ર ઉછાળો જોવાશે. આઈનોક્સ બજારમાંથી ₹૧,૦૦૦ કરોડ એકત્ર કરવા માંગે છે. હાલમાં કંપનીનો ૭૫ ટકા હિસ્સો ગુજરાત ફ્લોરોકેમિકલ્સના પ્રમોટર્સ પાસે છે, જેઓ ઈશ્યૂમાંથી ₹૩૦૦ કરોડ હિસ્સાવેચાણમાંથી મેળવશે.

## એડલેબ્સનો ઈશ્યૂ 18 ટકા ભરાયો

મુંબઈ: થીમ પાર્ક ઓપરેટર એડલેબ્સ એન્ટરટેઈનમેન્ટનો પ્રારંભિક પબ્લિક ઈશ્યૂ (આઈપીઓ) બીજા દિવસે ૧૮ ટકા ભરાયો હતો. ક્વોલિફાઈડ ઈન્સ્ટીટ્યુશન બાયર્સ (ક્યુઆઈબી) માટેની કેટેગરીમાં ૧૮ ટકા ભરાયો છે, જ્યારે બિન સંસ્થાકીય રોકાણકારોનો હિસ્સો નવ ટકા ભરાયો છે. પબ્લિક ઈશ્યૂમાં નાના રોકાણકારો માટેનો હિસ્સો ૩૫ ટકા ભરાયો છે, એમ NSEના ડેટામાં જણાવાયું છે.